


A FORTNIGHTLY NEWSLETTER FROM NRGS' FOUNDATION


# NRG TIMES

CONNECTING GUJARATIS' DIASPORA GLOBALLY

પ્રકાશક : એનઆરજી ફાઉન્ડેશન, ગાંધીનગર

તા. જાન્યુઆરી ૩૧, ૨૦૨૨ • પોષ વદ ૧૫, સંવત ૨૦૭૮


Gujarat State Non-Resident Gujaratis' Foundation
(A Government of Gujarat Organization)



**Shri Bhupendra Patel**
Hon'ble Chief Minister
Gujarat State



**Shri Harsh Sanghvi**
Hon'ble Minister of State for NRGs (Independent Charge), Govt. of Gujarat



**Shri Dhananjay Dwivedi(I/C), IAS**
Hon'ble Chairman, GSNRGF
Secretary (NRI),
Govt. of Gujarat



**Shri Vikramsinh Jadav**
Director
GSNRGF


Contact Address

**Gujarat State Non-Resident Gujaratis' Foundation**
Block No. 16, 3rd Floor,
Udhyog Bhavan, Sector - 11,
Gandhinagar.

Phone : +91-79-23238278

E-mail : nrgfoundation@yahoo.co.in

www.facebook.com/GSNRGF



FOR
PRIVATE CIRCULATION ONLY


## પ્રજાસત્તાક દિનની પૂર્વસંધ્યાએ સાત ગુજરાતીઓ પદ્મ પુરસ્કારથી સન્માનીત



સ્વામી સચ્ચિદાનંદ · ડૉ. લતા દેસાઇ · ડૉ. જયંત વ્યાસ · માલજીભાઈ દેસાઇ · સવજીભાઈ ધોળકીયા · ખલીલ ધનતેજવી · રમીલાબેન ગામીત

ભારત સરકારે ૭૩મા પ્રજાસત્તાક પર્વની પૂર્વ સંધ્યાએ ૧૨૮ પદ્મ પુરસ્કારોની જાહેરાત કરી છે જેમાં ડૉ. લતા દેસાઇ, માલજીભાઈ દેસાઇ, ખલીલ ધનતેજવી (મરણોપરાંત), સવજીભાઈ ધોળકીયા, ડૉ. જયંત વ્યાસ, રમીલાબેન ગામીત અને સ્વામી સચ્ચિદાનંદજીનો સમાવેશ થાય છે. ગુજરાતના જાણીતા ધાર્મિક ગુરુ અને લેખક સ્વામી સચ્ચિદાનંદજીને પદ્મ ભૂષણ આપવામાં આવ્યો છે. જ્યારે હરિક્રિષ્ના એક્સપોર્ટના માલિક સવજીભાઈ ધોળકીયાને ૫૦ ગામના ખેડૂતોની પાણીની સમસ્યા દૂર કરવા બદલ સમાજ સેવા માટે પદ્મશ્રી, ગાંધીવાદી માલજીભાઈ દેસાઇને જાહેર બાબતો માટે પદ્મશ્રી, કળા અને શિક્ષણ ક્ષેત્રે યોગદાન બદલ જાણીતા કવિ-લેખક ખલીલ ધનતેજવીને મરણોપરાંત પદ્મશ્રી, ગુજરાત FSLનું સમગ્ર દેશમાં નામ રોશન કરનાર ડૉ. જે. એમ. વ્યાસને વિજ્ઞાન અને ઈજનેરી ક્ષેત્રે વિશેષ પ્રદાન બદલ પદ્મશ્રી, રમીલાબેન ગામીતને સામાજિક કાર્ય બદલ પદ્મશ્રી અને ડૉ. લતા દેસાઇને ગ્રામીણ વિસ્તારમાં મેડિકલ ક્ષેત્રે ઉમદા કાર્ય બદલ પદ્મશ્રી પુરસ્કાર જાહેર કરવામાં આવ્યો છે. (Source : https://gujarati.abplive.com)

## અન્વી ઝાંઝરૂકિયાને 'પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાલ પુરસ્કાર ૨૦૨૨'



પોતાની શારીરિક અક્ષમતા છતાં સખત અને સતત મહેનત તેમજ કોઠાસૂઝથી યોગાસનમાં મહારથ મેળવી 'ધ રબર ગર્લ'નું બિરૂદ પ્રાપ્ત એવી સુરતની દિકરી અન્વી ઝાંઝરૂકિયાને ૨૪ જાન્યુઆરી સોમવારે 'રાષ્ટ્રીય બાલિકા દિન' અવસરે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ રાષ્ટ્રીય બાલ પુરસ્કાર-૨૦૨૨ એનાયત કર્યો હતો. રાષ્ટ્રીય બાળ પુરસ્કાર પાંચથી અઢાર વર્ષની વયના બાળકોને ખેલ, સમાજ સેવા, શિક્ષણ, કલા સંસ્કૃતિ, વિરતા ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિઓ પ્રાપ્ત બાળકોને આપવામાં આવે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અન્વીને આ સન્માન મેળવવા માટે અભિનંદન પાઠવ્યા હતા. (Source : https://cmogujarat.gov.in)

## લક્ષ્મી મિત્તલ ગુજરાતમાં રૂ. ૧.૬૬ લાખ કરોડનું રોકાણ કરશે




મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતીમાં ગાંધીનગર ખાતે આર્સેલર મિતલ નિપોન સ્ટીલ ઇન્ડીયા લિમીટેડે રાજ્યમાં વિવિધ ૬ પ્રોજેક્ટસમાં રૂ. ૧ લાખ ૬૬ હજાર કરોડના સૂચિત રોકાણોના MoU સંપન્ન કર્યા હતા. આ પ્રોજેક્ટ્સ થકી કુલ મળીને અંદાજે ૧ લાખ ૮૦ હજારથી વધુ પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગાર અવસર પણ પ્રાપ્ત થશે.

(Source : https://cmogujarat.gov.in)

વહાલા બિન નિવાસી ગુજરાતી મિત્રો,
NRG Times માટે આપનો પ્રતિભાવ તેમજ કોઇ સુચન હોય તો મોકલી આપવા વિનંતી છે. જેથી આપના માટે પ્રકાશિત થતાં આ મેગેઝીનને વધુ ઉપયોગી બનાવી શકાય.

## ન્યૂયોર્કના ડેપ્યુટી મેયર પદે મીરા જોશી

અમેરિકાના મહાનગર ન્યૂયોર્કના ડેપ્યુટી મેયર (ઓપરેશન્સ) પદે મીરા જોશીની વરણી થઇ છે. આ સાથે જ તેઓ આ સ્થાને પહોંચનારા પ્રથમ ભારતીય-અમેરિકન બન્યાં છે. સરકારની વિવિધ એજન્સીઓ સાથે કામ કરવાનો ૧૬ વર્ષનો અનુભવ ધરાવતાં મીરા જોશી મેયર એરિક એડમ્સની ટીમના સભ્ય તરીકે કામ કરશે.



વ્યવસાયે એટર્ની મીરા જોશી ભૂતકાળમાં ન્યૂયોર્ક સિટી ટેક્સ એન્ડ લિમોઝિન કમિશનના વડા તરીકે પાંચ વર્ષ કાર્યભાર સંભાળી ચૂક્યા છે. મીરા જોશીએ જણાવ્યું હતું કે મેયર એરિક એડમ્સ સાથે કામ કરવાની તક મળવા બદલ હું ખૂબ જ સન્માન અને આનંદની લાગણી અનુભવું છું.

(Source : www.gujarat-samachar.com)

## અમેરિકાના સેરિટોઝ સિટી ખાતે ભારતીય પ્રજાસત્તાક દિનની ઉજવણી કરાઈ

U S ના સેરિટોઝ સિટીના ટાઉન સેન્ટર હોલ ખાતે ભારતીયો દ્વારા પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ સમારોહમાં ભારતના એમ્બેસેડર ડૉ. ટી. વી. નાગેન્દ્ર પ્રસાદ, એનાહેમ સિટીના મેયર, સેરિટોક સિટીના પોલીસ ચીફ, ઉદ્યોગપતિ અવધેશ અગ્રવાલ, ઈન્ડો-અમેરિકન




કલ્ચરલ સોસાયટી ઓફ નોર્થ અમેરિકાના પ્રેસિડેન્ટ તથા લેબોન હોસ્પિટાલિટી ગ્રુપના યોગી પટેલ, ઇન્ડિયન કલ્ચરલ સોસાયટી ઓફ નોર્થ અમેરિકાના ચેરમેન પરીમલ શાહ તથા સુરેશ મોદી સહિત મોટી સંખ્યામાં ભારતીયો ઉપસ્થિત રહ્યા હતા.

(Source : https://sandesh.com)

## વડોદરાના કલાકારો આફ્રિકામાં મધર મેરીની પ્રતિમા તૈયાર કરશે



મધર મેરીની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા બનાવવાનો શ્રેય વડોદરાના કલાકારોને મળવા જઈ રહ્યો છે. સેન્ટ્રલ આફ્રિકા ખાતે બની રહેલી ૫૦ ફૂટ ઊંચી અને ૧૪ ફૂટ પહોળી આ પ્રતિમા બનાવવા માટે વડોદરાના ૧૫ કલાકારો ત્રણ મહિના માટે સાઉથ આફ્રિકા પહોંચ્યા છે. દક્ષિણ આફ્રિકાના કોન્ગોના કાતેબી કોલ્વેઝી શહેરમાં એક વિશાળ ટાપુના રિસોર્ટમાં મધર મેરીની આ ફાયબરની પ્રતિમા બની રહી છે, જે વિશ્વની સૌથી ઊંચી ફાયબર ગ્લાસની પ્રતિમા હોવાનો દાવો વડોદરાના સ્કલ્પચર આર્ટીસ્ટ સચિન કાલુસ્કરે કર્યો છે.

(Source : https://tv9gujarati.com)

## ઓસ્ટ્રેલીયામાં ગણતંત્ર દિવસ નિમિત્તે ખાસ કાર્યક્રમ યોજાયો




ભારતના પ્રજાસત્તાક પર્વની ઉજવણી ભારતમાં તો થાય જ છે પણ વિદેશમાં વસતા ભારતીયો પણ ઉમંગથી કરે છે. પશ્ચિમ ઓસ્ટ્રેલીયાના પર્થમાં કોન્સ્યુલેટ જનરલ ઓફ ઈન્ડિયામાં ગણતંત્ર દિવસ નિમિત્તે ખાસ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યકારી કોન્સ્યુલ જનરલ શ્રી નરેશ શર્માએ આ અંગે જણાવ્યુ હતું કે અહીંની સીજી ઓફિસમાં ધ્વજ વંદનની સાથેસાથે ડાન્સ, સોલો ગાયન અને ઇન્સ્ટ્રુમેન્ટલ પર્ફોર્મન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં બાળકોથી માંડી વયોવૃદ્ધ ભારતીયો ઉપસ્થિત રહ્યા હતા.

(Source : https://sandesh.com)

## કેનેડામાં હિન્દુ ચેમ્બર ઓફ કોમર્સનું ઉદઘાટન, પ્રમુખ પદે નરેશકુમાર ચાવડાની વરણી

કેનેડામાં હિન્દુઓની પ્રગતિ, સંગઠન ભાવનાના હેતુથી કેનેડિયન હિન્દુ ચેમ્બર ઓફ કોમર્સની સ્થાપના કરવામાં આવી છે. પાટડીના દસાડા ગામના યુવાન કેનેડાની આ હિન્દુ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ બન્યા છે. કેનેડાના દરેક નાના-મોટા બિઝનેસમાં હિન્દુઓ છે. એટલે જ કેનેડિયન હિન્દુઓ એ દેશની કરોડરજ્જુ છે. મકરસંક્રાંતિના શુભ દિવસે, કેનેડિયન હિન્દુ



ચેમ્બર ઓફ કોમર્સ (CHCC)ના શાનદાર ઉદઘાટન સમારોહના સાક્ષી બનવા માટે ૨૫૦થી વધુ વ્યક્તિઓ ઓનલાઇન જોડાયા હતા. જેમાં પદ્મભૂષણ સન્માનિત પ્રોફેસર વેદ નંદાની મુખ્ય અતિથી તરીકે ઉપસ્થિતિ રહી હતી. કેનેડિયન હિન્દુ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ નરેશકુમાર ચાવડા ટોરેન્ટો, ઓન્ટારિયોમાં વરિષ્ઠ ઇમિગ્રેશન કાયદા વિશેષજ્ઞ છે.

(Source : www.divyabhaskar.co.in)

## NRI, PIO, OCI કાર્ડધારકો માટે RBIની સ્પષ્ટતા

તાજેતરમાં રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા (RBI) દ્વારા તારીખ ૨૯ ડિસેમ્બર ૨૦૨૧ના જાહેર પરિપત્રમાં NRI, OCI અને PIO કાર્ડધારકો - વિદેશમાં વસતા ભારતીય વંશજો માટે એક વિશેષ સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે. જેમાં જણાવ્યા પ્રમાણે ઉપર્યુક્ત કાર્ડધારકો ભારતીય વંશજો હોય તો ભારતમાં સ્થાયી મિલકત ઘર/રેસીડેન્શીઅલ તથા કોમર્શિયલ પ્રોપર્ટી ખરીદ યા વેચાણ માટે રિઝર્વ બેન્કની મંજૂરી જરૂરી નથી. તેઓ વિના સંકોચે લે-વેચ કરી શકે છે. પણ તેમાં જો કોઈ કેપિટલ ગેઇન ટ્રાન્ઝેકશન્સ થયા હોય કાર્ડધારકોએ તેમના NRE, NRO અને FCNR-B એકાઉન્ટનો જ ઉપયોગ કરવાનો રહેશે. આ પેમેન્ટ ટ્રાન્ઝેક્શનમાં ટ્રાવેલર ચેક અને ફોરેન કરન્સી નોટનો ઉપયોગ નહીં કરી શકે.

(Source : www.akilanews.com)

# ગુજરાત બહાર વસતા ગુજરાતીઓએ રચેલી સંસ્થાને સમાજ ભવનના નિર્માણ માટે ગુજરાત સરકાર દ્વારા આર્થિક સહાય

ગુજરાત સરકાર દેશવિદેશમાં રહેતા ગુજરાતીઓની હરહંમેશ પડખે છે. ગુજરાત બહાર અન્ય રાજ્યોમાં વસતા ગુજરાતીઓએ રચેલી સંસ્થાઓને ગુજરાતી સમાજ ભવનના બાંધકામ, તૈયાર મકાનની ખરીદી કે હયાત મકાનના વિસ્તરણ માટે આર્થિક સહાય આપવાની યોજના રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકાયેલી છે.

રાજ્ય સરકાર દ્વારા કરાયેલ ઠરાવની જોગવાઈઓ અનુસાર અન્ય રાજ્યમાં વસતા ગુજરાતીઓએ રચેલી સંસ્થાઓને નિશ્ચિત શરતોને આધીન ગુજરાતી સમાજ ભવનના બાંધકામ, ખરીદી કે વિસ્તરણ હેતુ માટે તથા મરામત, સમારકામ કે નવીનીકરણના ખર્ચ પેટે આર્થિક સહાય મંજૂર કરવા ઠરાવેલ છે. અગાઉ આ ઠરાવની જોગવાઇ અન્વયે સમાજ ભવનના બાંધકામ માટે સંભવિત ખર્ચના ૨૫ ટકા અથવા રૂપિયા ૨૨ લાખ બેમાંથી જે ઓછું હોય, તે મુજબ આર્થિક સહાય મંજૂર કરવામાં આવતી હતી.

તા. ૩૦-૮-૨૦૧૯ના ઠરાવથી આ જોગવાઇઓમાં સુધારો કરવામાં આવ્યો છે, જે મુજબ હવે સમાજ ભવનના બાંધકામ માટે વધુમાં વધુ ૪૦ લાખ રૂપિયા અથવા ખરેખર ખર્ચના ૪૦ ટકા બેમાંથી જે ઓછી હોય તે રકમ સહાય તરીકે મંજૂર કરવાની અને મંજૂર થયેલ સહાય પૈકી બાંધકામ લિન્ટલ લેવલ સુધીનું થાય ત્યારે મંજૂર થયેલ સહાયની ૫૦ ટકા રકમ અને બાકીની ૫૦ ટકા રકમ બાંધકામનું કાર્ય પૂર્ણ થયા અંગેનું પ્રમાણપત્ર રજૂ કર્યા પછી ચૂકવવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

ગુજરાત સરકારે બિન નિવાસી ગુજરાતીઓ પ્રત્યે હંમેશા ઉદાર ભાવના દાખવી મહત્વના નિર્ણયો કર્યાં છે. અન્ય રાજ્યમાં આવેલ ગુજરાતી સમાજ ભવનના બાંધકામ, તૈયાર મકાનની ખરીદી કે હયાત મકાનના વિસ્તરણ માટે સહાયની રકમમાં વધારો કરીને વધુમાં વધુ રૂ. ૪૦ લાખ અથવા ખરેખર થયેલ ખર્ચના ૪૦ ટકા બેમાંથી જે ઓછુ હોય તેટલી રકમ તેમજ હયાત સમાજ ભવનના મરામત માટે સહાયની રકમમાં વધારો કરીને વધુમાં વધુ રૂ. ૧૦ લાખ અથવા ખરેખર થયેલ ખર્ચના ૪૦ ટકા બેમાંથી જે ઓછુ હોય તેટલી રકમ ચૂકવવાનો નિર્ણય કરાયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારે અત્યાર સુધીમાં દેશના ૯ રાજ્યોમાં આવેલા ૨૨ ગુજરાતી સમાજોને સમાજ ભવનના નિર્માણ કે મરામત માટે અંદાજિત રૂ. ૧ કરોડ ૯૦ લાખની સહાય ચૂકવી છે. છેલ્લા ૨ વર્ષમાં છત્તીસગઢના ભિલાઈનગર ખાતેના ગુજરાતી સમાજ, આસામના ગૌહાતી ખાતેના ગુજરાતી સમાજ, આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ ખાતેના ગુજરાતી સમાજ અને ઓરિસ્સાના ભદ્રક ખાતેના ગુજરાતી સમાજ માટે આર્થિક સહાય મંજૂર કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ સહાય કેટલીક શરતોને આધિન આપવામાં આવે છે, જેવીકે:

- આ સમાજ ભવનનો ઉપયોગ મૂળ ગુજરાતની કોઈ પણ વ્યક્તિને નાત, જાત, ધર્મ કે અન્ય ભેદભાવ સિવાય કરવા દેવાનો રહેશે.
- ઉક્ત સમાજ ભવનનો ઉપયોગ સાંસ્કૃતિક, શૈક્ષણિક, સામાજિક, કલા વિષયક અને કલ્યાણકારી પ્રવૃતિઓ માટે જ કરવાનો રહેશે.
- સમાજ ભવનના બાંધકામનું કામ વધુમાં વધુ ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાનું રહેશે.
- સમાજ ભવનના બાંધકામનું કાર્ય પૂર્ણ થયે ખરેખર થયેલ ખર્ચની વિગતો રજૂ કરવાની રહેશે.
- આ સહાય મળી ગયા બાદ પણ સંસ્થાએ તેના વાર્ષિક હેવાલ નિયમિત રીતે ગુજરાત સરકારને મોકલવાના રહેશે.
- આ સંસ્થાનું વિસર્જન થાય ત્યારે તેના મકાનના યોગ્ય નિકાલ વખતે સંસ્થાએ ગુજરાત સરકારનો સંપર્ક સાધવાનો રહેશે અને ગુજરાત સરકારે આપેલ સહાયની રકમ વેચાણ કિંમતમાંથી પરત કરવાની રહેશે.

## બિન-નિવાસી ગુજરાતીઓને પ્રતિષ્ઠાન સાથે જોડાવા આહ્વાન



અત્યાર સુધીમાં અનેક બિન-નિવાસી ગુજરાતીઓ ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન સાથે જોડાઇ ચૂક્યા છે.

**આપ જોડાયા?**

જો આપ ન જોડાયા હોવ તો આજે જ આપનો ડેટાબેઝ (નામ અને સંપર્કની વિગતો) ઈ-મેઇલ (nrgfoundation@yahoo.co.in) દ્વારા , કુરિયર કે પોસ્ટ દ્વારા મોકલી ગુજરાત રાજ્ય બિન-નિવાસી પ્રતિષ્ઠાન સાથે જોડાવા હાર્દિક આહ્વાન છે.

## બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડતા એન.આર.જી. સેન્ટર



બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડવા ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાને ગુજરાતભરમાં અમદાવાદ, આણંદ, સુરત, વડોદરા, રાજકોટ અને મહેસાણા જેવા મુખ્ય શહેરોમાં એન.આર.જી. સેન્ટર્સ સ્થાપ્યા છે જે બિન નિવાસી ગુજરાતીઓને સુવિધાઓ પુરી પડે છે.
આ સેન્ટર્સ નીચે પ્રમાણેની સુવિધાઓ પુરી પડે છે.

- પ્રવાસન માર્ગદર્શન
- નિવાસ માર્ગદર્શન
- તબીબી સેવાઓમાં માર્ગદર્શન
- વ્યાપાર તકો અંગે માર્ગદર્શન
- શૈક્ષણિક તકો અંગે માર્ગદર્શન
- વિદેશી ચલણ મેળવવા અંગે માર્ગદર્શન
- ખરીદી અંગે માર્ગદર્શન
- બિન નિવાસી ગુજરાતી ડિરેક્ટરીમાં મદદ
- ગુજરાત કાર્ડની અરજીઓ સ્વીકારવી

## ગુજરાત કાર્ડ ઓનલાઈન મેળવો




બિન - નિવાસી ગુજરાતીઓની ગુજરાત મુલાકાત યાદગાર બનાવવા ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન દ્વારા 'ગુજરાત કાર્ડ' એક આગવી ઓળખ આપવામાં આવે છે. વિદેશમાં વસતા તથા ભારતમાં ગુજરાત બહાર વસતા બિન-નિવાસી ગુજરાતીઓને રૂ.૨૨૫ અથવા ૫ (પાંચ) યુ.એસ. ડોલરની નજીવી કિંમતે ગુજરાત કાર્ડ આપવામાં આવે છે. આ કાર્ડ હવે પ્રતિષ્ઠાનની વેબસાઇટ www.nri.gujarat.gov.in પરથી ઓનલાઇન ફોર્મ ભરી સાથે જરૂરી દસ્તાવેજો જોડી તેમજ પેમેન્ટ ગેટ વે દ્વારા ઓનલાઇન ફી ભરી મેળવી શકાય છે.



# નર્મદા પરિક્રમા



વિશ્વમાં નર્મદા જ એક એવી નદી છે જેની વિધિવત પૂર્ણ પરિક્રમા યુગોથી કરવામાં આવે છે. અમરકંટકથી ભરૂચના સમુદ્ર સંગમ સુધી ૧૩૧૨ કિમીની સંપૂર્ણ પરિક્રમા કરતા ત્રણ વર્ષ, ત્રણ મહિના અને તેર દિવસનો સમય લાગે છે. પરિક્રમાવાસીઓ આ યાત્રાને એક અનોખી અને રેવાનાં રહસ્યોનો સાક્ષાતકાર કરાવનારી ગણાવે છે. પૌરાણિક માન્યતા પ્રમાણે સમુદ્ર મંથન બાદ નીકળેલા વિષને ગ્રહણ કરતા ભગવાન શિવને પરસેવો થયો હતો. આ પ્રસ્વેદે નદીનું સ્વરૂપ ધારણ કર્યું તે નર્મદા. એટલે નર્મદાને શિવપુત્રી કહેવાય છે.

નર્મદાના તટમાં 'કંકર એટલા શંકર' કહેવાય છે અને આ કંકરની પ્રતિષ્ઠા કરવાની જરૂર નહિ પડે તેવા આર્શીવાદ તેને મળ્યા છે. ત્યારથી જ નર્મદા નદીની પરિક્રમા કરવાની પરંપરા શરૂ થઇ. માન્યતા પ્રમાણે પહેલી નર્મદા પરિક્રમા માર્કેંડેય ઋષિએ કરી હતી. 'નર્મદે હર'ના નારા સાથે ભરૂચ જિલ્લામાં જ વર્ષે હજારો પરિક્રમાવાસીઓ પરિક્રમા માટે આવે છે. પૂર્ણ પરિક્રમા સાથે એકકોશી અને પાંચકોશી પરિક્રમાનું પણ મહત્વ છે જે ૨૧ દિવસમાં પૂર્ણ થઇ જાય છે.

ગંગાને જ્ઞાન, યમુનાને ભક્તિ, સરસ્વતીને વિવેકની અધિષ્ઠાત્રી કહેવાય છે. તેમ નર્મદાને વૈરાગ્યની અધિષ્ઠાત્રી ગણાઇ છે. તપસ્યાનું ઉચિત ફળ એકમાત્ર રેવા તટે જ મળતું હોવાથી આદિ-અનાદિકાળથી મુનિ, સિદ્ધ અને યોગીઓ તપસ્યા માટે નર્મદા કિનારાને જ પસંદ કરતા આવ્યા છે.

વેદો મુજબ નર્મદા સતયુગથી નિરંતર વહી રહી છે અને યુગો સુધી વહેતી રહેશે. એટલે જ તેને સદા કુંવારી મનાય છે. જીયોલોજીકલ સર્વે ઓફ ઇન્ડિયાના ૫૦ વર્ષ ચાલેલા અભ્યાસમાં પણ આ વાત સામે આવી છે કે, માનવ સભ્યતાનો નર્મદાની ઘાટીઓનાં કિનારે જ જન્મ થયો હતો. નર્મદાની ખીણમાં જ સૌથી પહેલા જીવનની ઉત્પત્તિ થઇ હતી. ડાયનાસોર પણ નર્મદા કિનારે જોવા મળતા હતા. ભરૂચ પાસે મળેલા અવશેષો બે હજારથી પાંચ હજાર વર્ષ જૂના હોવાનું જીયોલોજીકલ સંશોધનમાં પણ બહાર આવ્યું હતું.

વિશ્વમાં આવેલી અનેક નદીઓમાં નર્મદા જ એક એવી નદી છે જેની પરિક્રમા કરવામાં આવે છે, જે નર્મદા નદીના ધાર્મિક મહત્વ સાથે અનેક લોકોની આસ્થાની પ્રતીતિ કરાવે છે. નર્મદા એટલે આનંદ આપનારી. પુરાણોમાં આ ઉપરાંત રેવા, સોમોધ્ભવા અને મેકલકન્યકાનાં નામે નર્મદાનું વર્ણન કરવામાં આવેલું છે.

નર્મદા નદીની સૌથી પુણ્યદાયક પૂજા તે નર્મદા નદીની પરિક્રમા છે જેમાં યાત્રાળુઓ સમુદ્રથી નર્મદાના એક કાંઠે ચાલવાનું ચાલુ કરી નર્મદાના મુખને ફરીને ચાલતા બીજા કાંઠે છેક સમુદ્ર પર આવે છે. આ યાત્રા કરતાં આશરે ત્રણ વર્ષ લાગે છે. નર્મદા નદી એ ભારતની પાંચમા નંબરની પશ્ચિમથી પૂર્વ તરફ વહેણ ધરાવતી મોટી નદી છે. નર્મદા નદીની કુલ લંબાઈ ૧,૩૧૨ કિમી જેટલી છે અને એ રીતે પૂર્ણ પરિક્રમા રૂટ ૨,૬૨૪ કિમી જેટલો થાય છે. વિંધ્ય પર્વતમાળાનાં અમરકંટકનાં ડુંગરમાંથી નીકળતી રેવા અને સાતપુડા પર્વતમાળાના મૈકલ પર્વતમાંથી નીકળતી નર્મદા માંડલ નજીક મળે છે. મધ્યપ્રદેશમાંથી આવીને છોટા ઉદેપુર પાસે હાંફેશ્વર પાસેથી ગુજરાતમાં પ્રવેશે છે. નર્મદા નદી અંતે ભરૂચ નજીક ૨૦ કિમીના ફળદ્રુપ મુખત્રિકોણ નજીક ખંભાતના અખાત ખાતે પ્રવેશ કરે છે અને અરબી સમુદ્રને મળે છે. ગુજરાતમાં નર્મદા નદીની કુલ લંબાઈ ૧૬૦ કિમી જેટલી છે અને પરિક્રમા રૂટ ૩૨૦ કિમી જેટલો થાય છે.

વર્તમાન સમયમાં પરિક્રમાવાસીઓની સંખ્યા ઘટી હોય તેવું પ્રતીત થાય છે. વળી, હવે પરિક્રમા કરતા યાત્રિકો નદી તટે તટે પરિક્રમા નથી કરી શકતા પરંતુ કેટલાક ભાગોમાં તો નદીથી ત્રણ-ચાર કિમી દૂરથી પરિક્રમા કરવી પડે છે. ધન્ય છે નર્મદા પરિક્રમા રૂટમાં આવતા ગામોના લોકોને કે તેઓ આવનાર યાત્રીકોની ખૂબ જ સારી રીતે સરભરા કરી

રહ્યા છે અને વર્ષોથી પોતાની ફરજ ગણીને આ કાર્ય નિભાવી રહ્યા છે. ગાયકવાડ શાસન સમયે નર્મદા ઘાટ અને તેની આસપાસનાં વિસ્તારને ઉજાગર કરવા તેમજ પ્રાચીન ધર્મસ્થાનોનું સમારકામ ઉપરાંત નવા ધર્મસ્થાનો બાંધવા માટે ખૂબ પ્રયાસો કરવામાં આવ્યા હતા. પરિક્રમા રૂટમાં આવતા મંદિરો, આશ્રમો, ગામો મોટા ભાગે ઐતિહાસિક ભૂમિકા ધરાવતા જાણવા મળે છે.


ભારતભરમાંથી દર વર્ષે હજારો શ્રદ્ધાળુઓ આ પવિત્ર નદીની પરિક્રમા કરે છે. નર્મદા-પરિક્રમા એ એક બહુ જ મુશ્કેલ યાત્રા છે. આ પરિક્રમાના વિવિધ પ્રકારો તેમજ વિવિધ નિયમો પણ છે.

### નર્મદા પરિક્રમાના પ્રકારો:

(૧) મુંડમલ પરિક્રમા: સૌથી જાણીતો પ્રકાર. આમાં યાત્રી નર્મદાના કોઈ પણ કિનારેથી પગપાળા પરિક્રમા શરુ કરી શકે છે અને ફરીથી તે જ મુકામે પાછા આવવાથી આ પરિક્રમા પૂરી થાય છે.

(૨) જલેહરી પરિક્રમા: મુંડમલની સરખામણીએ આ પરિક્રમામાં બમણો સમય લાગે છે. આમાં પરિક્રમાવાસી અમરકંટકથી લઈને મીઠી તલાઈ (જ્યાં નર્મદા અરબી સમુદ્રને મળે છે) સુધીની યાત્રા કરે છે અને પછી નદીના બીજા કિનારેથી કાથપોર થઈને અમરકંટક પાછા ફરે છે.

(૩) પંચકોશી પરિક્રમા: સૌથી સરળ પ્રકાર. આમાં પરિક્રમાવાસી અમરકંટકની આસપાસ આવેલા અમુક ચોક્કસ ધાર્મિક સ્થળોની પગપાળા યાત્રા કરે છે.




(૪) ખંડા પરિક્રમા: સૌથી લોકપ્રિય પ્રકાર. આમાં કોઈ નિશ્ચિત સમયમાં પરિક્રમા પૂરી કરવી જરૂરી નથી. અમુક ભાગ પૂરો કરીને પરિક્રમાવાસી પોતાના ઘરે પાછો જઈ શકે છે અને તેની અનુકૂળતાએ ફરીથી એ જ મુકામથી પરિક્રમાની પુનઃશરૂઆત કરી શકે છે. નોકરી-ધંધો કરતાં કર્મનિષ્ઠ લોકો તેમજ ઘર-પરિવાર ચલાવતા લોકો માટે આ સૌથી સુલભ વિકલ્પ છે.

(૫) વાહન પરિક્રમા: આધુનિક સમયમાં સૌથી પ્રસિદ્ધ પ્રકાર. ૧૭થી ૨૦ દિવસ જેટલો સમય અને આશરે ૪૦૦૦ કિમીનું અંતર. આજકાલ અનેક ટ્રાવેલ એજન્સી કાર કે બસના માધ્યમથી નર્મદા પરિક્રમાની સુવિધા પૂરી પાડે છે જેમાં નર્મદા-કિનારે આવેલા મુખ્ય તીર્થસ્થાનો સમાવિષ્ટ છે. પરિક્રમાવાસીએ પૂરતા પ્રમાણમાં અન્ન-પાણીની વ્યવસ્થા રાખવી હિતાવહ છે.

(૬) માર્કંડેય પરિક્રમા: એક મુશ્કેલ પ્રકાર. આમાં પરિક્રમાવાસી માત્ર નર્મદા જ નહિ, તેની એક પણ પેટા-નદી પણ નથી ઓળંગી શકતો. આમાં ખૂબ લાંબો સમય લાગે છે એટલે બહુ ઓછા શ્રદ્ધાળુ આ પરિક્રમા કરે છે.

(૭) દંડવત પરિક્રમા: સૌથી અઘરો પ્રકાર. સંપૂર્ણ અંતર નર્મદા માતાને દંડવત પ્રણામ કરતાં કરતાં કાપવાનું રહે છે.

(૮) હનુમંત પરિક્રમા: પર્યટકો માટેનો પ્રકાર. આમાં નદીને ઓળંગવા અંગે કોઈ નિયમ નથી. ખરા શ્રદ્ધાળુ આ પ્રકારને નર્મદા-પરિક્રમા માનતા જ નથી. પ્રવાસ કરતાં લોકો આ પરિક્રમા કરે છે.

### નર્મદા-પરિક્રમાના નિયમો:

(૧) નર્મદા પરિક્રમા શરુ કરતાં પહેલા દરેક પરિક્રમાવાસીને એક અધિકૃત ફોટો આઈ. ડી. કાર્ડ આપવામાં આવે છે જે આખી પરિક્રમા દરમિયાન સાથે રાખવું જરૂરી છે.

(૨) પરિક્રમા નદીના કોઈ પણ કિનારાની જગ્યાથી શરુ કરી શકાય છે પણ યાત્રા શરુ કરતાં પહેલા નર્મદા માતાની સંપૂર્ણ પૂજા કરીને એક પાત્રમાં નદીનું પાણી ભરવાનું રહે છે જે પરિક્રમાવાસી આખી યાત્રા દરમિયાન સાથે લઈને ચાલે છે.

(૩) પરિક્રમાવાસીએ આખી પરિક્રમા દરમિયાન 'રેવા'નું રટણ કરવું અથવા કોઈ પણ ઈશ્વરનું નામ પણ જપી શકે છે.

(૪) પરિક્રમા દરમિયાન પરિક્રમાવાસી હંમેશા નર્મદાના કિનારે ચાલવા પ્રયત્ન કરે છે. પરિક્રમાવાસીની જમણી બાજુ નર્મદા નદી રહે તે ખાસ જરૂરી છે. જો કોઈ કારણોસર નદીથી થોડે દૂર જવું પડે તો પાત્રમાં ભરેલા જળની પૂજા કરવી.

(૫) યાત્રાળુ હંમેશા ખુલ્લા પગે પરિક્રમા કરે છે. પરિક્રમાવાસી પોતાનો બધો જ સામાન જાતે જ ઉપાડે છે, આ માટે કોઈ મજૂર ન રાખી શકે. પરિક્રમાવાસી પોતાની સાથે બે દિવસ કરતાં વધુ ચાલે તેટલો ખોરાક રાખી ન શકે.

(૬) પરિક્રમાવાસી નર્મદા નદી ઓળંગી ન શકે. નદી વચ્ચે આવેલા કોઈ ટાપુ પર પણ ન જઈ શકે.

(૭) પરિક્રમા દરમિયાન રસ્તામાં પુષ્કળ મંદિરો આવે છે. પરિક્રમાવાસીએ વધુમાં વધુ મંદિરના દર્શન કરવા પ્રયત્ન કરવો જોઈએ અને શક્ય હોય ત્યાં સુધી બધો જ સમય નર્મદા માતાને સમર્પિત રહેવું જોઈએ.

(૮) નર્મદા પરિક્રમા એ માત્ર એક ધાર્મિક યાત્રા જ નથી. પરિક્રમાના નિયમોમાં નૈતિકતા પણ ખાસ જરૂરી છે. પરિક્રમાવાસી તેના માર્ગમાં કચરો ન ફેલાવી શકે તેમજ કોઈ સાથે ગેરવર્તણૂક ન કરી શકે. પરિક્રમા દરમિયાન હંમેશા સાચું બોલવું, પ્રફુલ્લ મન રાખીને રહેવું તેમજ સવાર-સાંજ નર્મદાની અર્ચના કરવી જરૂરી છે.

(૯) પરિક્રમાવાસી નદીમાં અંદર સુધી ન જઈ શકે. ભલે સલામત જગ્યા હોય તો પણ નદીમાં તરવું કે નહાવું પણ પ્રતિબંધિત છે.

(૧૦) પરિક્રમાવાસી પાસે કોઈ પણ રોકડ રકમ ન હોવી જોઈએ. અન્ય કોઈની પણ આર્થિક સહાય ન લઈ શકે. પરિક્રમાવાસી સંપૂર્ણપણે નર્મદા માતા પર આધારિત રહે છે અને આ આધ્યાત્મિક યાત્રા દરમિયાન નર્મદા માતા પોતાના સંતાનની હંમેશા કાળજી રાખે છે.

(૧૧) ચોમાસામાં કે ઉનાળામાં ક્યારેક નર્મદા પરિક્રમા બંધ હોય ત્યારે કોઈ એક જગ્યાએ પરિક્રમાવાસી રોકાણ કરી શકે છે. સવાર-સાંજ

નર્મદા માતાની પૂજા કરવી તેમજ મનમાં રેવાના નામનો જાપ કરવો જરૂરી છે.

(૧૨) પરિક્રમા દરમિયાન પરિક્રમાવાસીએ શક્ય હોય તેટલી પર્યાવરણની કાળજી રાખવી અને અન્યોને પણ તે કરવા પ્રેરણા આપવી.

(૧૩) પરિક્રમાવાસીએ કેટલીક પાયાની જરૂરી વસ્તુઓ જેવી કે એકાદ બે જોડી વધારાના કપડાં, સાધારણ બેડિંગ, એક ઓઢવાની ચાદર, નાની છરી, લાકડી, પેન, ડાયરી, જરૂરી વાસણ, નર્મદા માતાનો ફોટો સાથે રાખવો જરૂરી છે.

નર્મદા નદીની પરિક્રમા કરવાનો સમયગાળો 'કારતક સુદ પક્ષ બારસથી અષાઢ સુદ પક્ષ દસમી' હોય છે. આગળ ચાતુર્માસમાં અષાઢ સુદ અગિયારસ (અષાઢી અગિયારસ)થી કારતક સુદ અગિયારસના સમયગાળામાં પરિક્રમા બંધ હોય છે; કારણકે વરસાદના પાણીથી નર્મદા નદીને અનેક ઠેકાણે પૂર આવે છે અને પરિક્રમાના માર્ગો બંધ થાય છે. તેથી આ સમયગાળામાં, અર્થાત્ ચાતુર્માસમાં અનેક પરિક્રમાવાસીઓ નર્મદાના તીરે આવેલા સંતોના આશ્રમમાં નિવાસ કરીને કારતક અગિયારસ પછી ફરીવાર માર્ગક્રમણ ચાલુ કરે છે. જે ભક્તોને ચાલીને પરિક્રમા કરવાનું સંભવ નથી, તેઓ ગાડી દ્વારા પણ પરિક્રમા કરે છે.

નર્મદા નદીને આપણે ગુજરાતની જીવાદોરી માનીએ છીએ. આ પવિત્ર નદીના દર્શનને સૌભાગ્ય માનનારાઓની સંખ્યા પણ ઘણી મોટી છે. એવામાં આ નદીની કેટલીક પ્રાચીન ખાસિયતો વિશે જાણવામાં દરેકને રસ પડશે.

પુણ્યસલિલા મેકલસુતા મા નર્મદા, જેના પુણ્ય પ્રતાપથી આપણે સૌ પરિચિત છીએ. આમ તો દરેક નદી સાથે કોઈને કોઈ કથા સંકળાયેલી જ હોય છે પરંતુ નર્મદા નદીની વાત જ અનોખી છે.

- ભારતની આ એકમાત્ર એવી નદી છે જેનું પુરાણ છે. તેમજ આ એક એવી નદી છે. જેની લોકો પરિક્રમા કરી શકે છે. એટલું જ નહીં મોટા-મોટા ઋષિઓ નર્મદાના કિનારે તપસ્યા કરતાં હોય છે.
- નર્મદાનું એક નામ ચિરકુંવારી છે. આ પાછળની માન્યતા એવી છે કે એક વખત ગુસ્સામાં આવીને નર્મદાએ પોતાની દિશા બદલી લીધી અને એકલા જ વહેવાનો નિર્ણય કર્યો. આજે પણ તે અન્ય નદીઓની તુલનામાં વિપરિત દિશામાં વહે છે. એમના આ અખંડ નિર્ણયને લીધે જ એમને ચિરકુંવારી કહેવામાં આવે છે.
- પુરાણોમાં કહેવાયુ છે કે એમનો જન્મ ૧૨ વર્ષની કન્યા તરીકે થયો હતો. સમુદ્ર મંથન વખતે ભગવાન શિવના પરસેવાનું એક ટીપું ધરતી પર પડ્યું અને એમાંથી જ મા નર્મદા પ્રગટ થયા. તેથી જ તેમને શિવસુતા પણ કહેવામાં આવે છે.
- ચિરકુંવારી મા નર્મદા વિશે કહેવાય છે કે એમને લાંબા સમય સુધી સંસારમાં રહેવાનું વરદાન મળ્યું છે. એવો ઉલ્લેખ પણ છે શંકર ભગવાને એમને વરદાન આપ્યું હતું કે પ્રલયકાળમાં પણ તારો અંત નહી થાય. તમારા પવિત્ર પાણીથી તમે યુગોયુગો સુધી આ સમસ્ત સંસારનું કલ્યાણ કરશો.
- મધ્ય પ્રદેશના સુંદર સ્થળ અમરકંટક અનૂપપુરમાં મા નર્મદાનું ઉદગમ સ્થળ છે. ત્યાંથી એક નાનકડી ધારાથી શરૂ થતો એમનો પ્રવાહ આગળ જતાં વિશાળ રૂપ ધારણ કરી લે છે.
- આ સ્થાન અદ્ભુત દ્રશ્યો માટે પણ જાણીતુ છે. આ સ્થળે આજે પણ મા રેવાનો વિવાહ મંડપ જોવા મળે છે. પુરાણોમાં કહેવાયું છે કે એમણે પોતાના પ્રેમી સોનભદ્ર પર ગુસ્સે થઇને જ ઊલટી દિશામાં વહેવાનો નિર્ણય કર્યો હતો અને પોતાની દિશા બદલી નાંખી.
- એ પછી તો સોનભદ્ર અને સખી જોહિલાએ મા નર્મદાની ઘણી માફી માગી પરંતુ ત્યાં સુધીમાં તો નર્મદા ઘણે દૂર સુધી વહી ચૂકી હતી. પોતાની સખીનો વિશ્વાસ તોડવાને લીધે જ જોહિલાને પૂજનીય નદીઓમાં સ્થાન નથી આપવામાં આવ્યું. સોન નદી કે નદ સોનભદ્રનું ઉદગમ સ્થાન પણ અમરકંટક જ છે.
- આમ તો નર્મદા નદીને લઇને ઘણી માન્યતાઓ પ્રચલિત છે. કહેવાય છે કે જે કોઈ સાચા મનથી એમની પૂજા અને દર્શન કરે છે. તેમને જીવનમાં એકવાર મા નર્મદા ચોક્કસ દર્શન આપે છે.
- જેમ ગંગા સ્નાનથી પુણ્ય પ્રાપ્ત થાય છે, તે જ રીતે નર્મદાના દર્શનમાત્રથી મનુષ્યના કષ્ટોનું સમાધાન થઇ જાય છે.
- અન્ય નદીઓથી વિપરીત નર્મદામાંથી નીકળેલા પથ્થરોને શિવનું રૂપ માનવામાં આવે છે. એટલું જ નહીં તે સ્વયં પ્રાણપ્રતિષ્ઠિત હોવાથી તેમની પ્રાણપ્રતિષ્ઠા કરવાની જરૂર હોતી નથી, તેથી દેશમાં જ નહીં પણ વિદેશોમાં પણ નર્મદા નદીમાંથી નીકળેલા પથ્થરના શિવલિંગને સૌથી વધુ પૂજવામાં આવે છે.
- એવું પણ કહેવાય છે કે ગંગા સ્વયં દરવર્ષે નર્મદાને મળવા અને સ્નાન કરવા આવે છે. મા નર્મદાને મા ગંગા કરતા પણ વધારે પવિત્ર માનવામાં આવતા હોવાથી જ દરવર્ષે ગંગાજી પોતે સ્વયંને પવિત્ર કરવા નર્મદા પાસે આવે છે. આ દિવસ ગંગા દશહરા હોવાનું માનવામાં આવે છે.



(Sources & Photo Courtesy : www.atulyavarso.com, www.tripoto.com, www.divyabhaskar.co.in, www.gujaratsamachar.com, www.constructionweekonline.in, https://images.sandesh.com)



## ગુજરાતનું સૌથી મોટું થડ ધરાવતું
# બહેડાંનું વૃક્ષ

બહેડો એટલે આયુર્વેદમાં પ્રખ્યાત એવા 'ત્રિફળા'માંનું એક ફળ. ત્રિફળા તરીકે ઓળખાતું ઔષધ હરડે, બહેડાં અને આંબળા એવા ત્રણ રસાળ ફળોને સુકવીને બનાવવમાં આવે છે. બહેડાંનું વૈજ્ઞાનિક નામ ટર્મિનેલિયા બેલ્લીરિકા છે. સંસ્કૃતમાં તેને વિભીદક કહેવામાં આવે છે. ભારતીય પરંપરાગત વૈદક શાસ્ત્ર આયુર્વેદમાં ખૂબ જ મહત્વ ધરાવતું આ એક વૃક્ષ છે. આ વૃક્ષ કદમાં ઉંચું અને મોટું હોય છે અને તે સામાન્ય



રીતે ઉંચાઇ ધરાવતી ભૂમિ પર થાય છે. તેનાં પર્ણો મહુડાનાં પર્ણો જેવાં હોય છે. બહેડાંનાં ફૂલ નાનાં તેમજ ફળ જાયફળ કરતાં સહેજ મોટાં હોય છે, જેનું વજન એક તોલા સુધીનું હોય છે.

કોરોનાકાળમાં આયુર્વેદ પ્રત્યે લોકોની માનસિકતા બદલાઇ છે. જેને કારણે હાલ મોટેભાગે દરેક ઘરમાં શરદી, ખાંસી, તાવ, અને કફ જેવી બિમારીને માટે પણ લોકો આયુર્વેદિક ઉપચાર કરી રહ્યા છે. જેમાં એક ઔષધ બહેડો પણ છે. ખાસ વાત છે કે સમગ્ર ગુજરાતમાં સૌથી મોટો વ્યાસ (ડાયમીટર) ધરાવતું વૃક્ષ ઉનાઈ રેન્જમાં છે. જેનો વ્યાસ ૮૧૨ સેન્ટિમીટર છે.

બહેડો ભારત દેશમાં સર્વત્ર જોવા મળતી વનસ્પતિ છે. ખાસ કરીને તે નીચલા પર્વતીય પ્રદેશોમાં વધારે જોવા મળે છે. ગુજરાતમાં ભેજવાળા પાનખર જંગલોમાં તે જોવા મળે છે. ગુજરાતમાં અંદાજે ૫૦૦ વર્ષથી પણ વધુ આયુષ્ય ધરાવતું જુનું બહેડાનું વૃક્ષ આવેલું છે. જેનો ડાયમીટર ૮.૧૨ મીટર છે એટલે કે તેને સાત વ્યક્તિઓ ભેગા થઈને ઘેરાવો કરે એટલું મહાકાય છે. તેની જાળવણી પણ કરવામાં આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે બહેડો વૈદ્યોના અતિ પ્રિય ગણાતા વૃક્ષોમાંથી એક છે. જેનો આયુર્વેદની દ્રષ્ટિએ બહોળો ઉપયોગ છે. શરદી, ખાંસી, તાવ, કફ, દમ, હૃદય રોગ અને પથરી જેવા પચાસ રોગો માટે તેને મહાઔષધી માનવામાં આવે છે. જેને લઇને હાલ કોરોનાની બિમારીમાં લોકો આ બહેડાનો ઉપયોગ શરદી-ખાંસી-તાવ માટે કરે છે.

આ અંગે ઉનાઈ રેન્જના RFO રૂચિ દવેનું કહેવું છે કે બહેડાનું આ વૃક્ષ ૫૦૦થી વધુ વર્ષનું આયુષ્ય ધરાવે છે. અહીં અંબિકા નદીનો કાંપ પ્રદેશ હોવાથી ઉનાઈ રેન્જની ૧૨ હજાર હેક્ટર જમીનમાં અનેક દુર્લભ વૃક્ષ જોવા મળ્યા છે. જેમાં મોટા બહેડાના વૃક્ષ ઉપરાંત રાઈટીયા ટિંકટોરીયા (મીઠા ઈન્દ્રજવ)ના પણ વૃક્ષ છે જેમનું સ્થાન વિશ્વમાં ત્રીજું છે.

(Source : www.gujaratsamachar.com)




# કંસરીમાતાને પાક અર્પણ કરવાની આદિવાસી પ્રથા

તાપી જિલ્લાના મુખ્ય મથક વ્યારાથી અંદાજીત ૨૨ કિમી અને સોનગઢથી આશરે ૧૫ કિમીના અંતરે કુદરતી સૌંદર્યથી ભરપૂર એવા વન વિસ્તારમાં ઘટાદાર જંગલોમાં સાતપુડાની ઉપગિરીમાળાઓમાં પ્રકૃતિના ખોળે વસેલા કાવલા ગામમાં આદિવાસી સમાજના આસ્થાના કુળદેવી કંસરી માતાજી એટલે અન્નપૂર્ણા માતાનું મંદિર આવ્યું છે. જ્યાં માત્ર ખેતી અને પશુપાલન કરીને જીવન ગુજરાન કરતા અહીંના લોકો વર્ષોથી ધાર્મિક રીત-રિવાજ નિભાવે છે. પોતાના ખેતરમાં પાકતા ધાન્ય ડાંગર, જુવાર, શેરડી, શાકભાજી વિગેરે પાક તૈયાર થાય એટલે સૌપ્રથમ માતાજીને અર્પણ કરે છે. આ ધાર્મિક સ્થળે ગુજરાત, મહારાષ્ટ્ર અને રાજસ્થાનથી પણ શ્રધ્ધાળુઓ આવે છે.

ગુજરાત અને મહારાષ્ટ્રની સરહદે તાપી જિલ્લામાં સાતપુડાની ગિરીમાળાઓ આવેલી છે. કુદરતી સૌંદર્યથી ભરપૂર એવા વન વિસ્તારમાં ઘટાદાર જંગલોમાં સોનગઢ તાલુકાના કાવલા ગામે આદિવાસી લોકોની કુળદેવી કંસરી માતા (અન્નપૂર્ણા માતા)નું પવિત્ર ધામ આવેલું છે. કુદરતે જ્યાં મન મુકીને સૌંદર્ય વેર્યું છે એવું આ કાવલા ગામ ખૂબ જ રમણિય સ્થળ છે. અહીં આદિવાસી લોકો ખૂબ જ શ્રધ્ધા-ભક્તિભાવથી માતાજીના દર્શન, બાધા-માનતા પુરી કરવા માટે આવે છે. માત્ર ખેતી અને પશુપાલન કરીને જીવન ગુજરાન કરતા અહીંના લોકો વર્ષોથી ધાર્મિક રીત-રિવાજ નિભાવે છે. પોતાના ખેતરમાં ઉત્પન્ન થતા (પાકતા) ધાન્ય ડાંગર, જુવાર, શેરડી, શાકભાજી વિગેરે તૈયાર થાય એટલે સૌપ્રથમ માતાજીને અર્પણ કરે છે. જ્યાં સુધી માતાજીને આ ધાન્ય ચઢાવે નહીં ત્યાં સુધી ઘરના મોભી અથવા વડીલ તે અનાજ કે શાકભાજી ખાતા નથી. લોકમાન્યતા એવી છે કે અહીં માતાજીને અર્પણ કરીને પછી અનાજ ઉપયોગમાં લઇએ તો ઘરમાં બરકત રહે છે. એટલે કે ધન-ધાન્ય આખુ વર્ષ ઘરમાં ખૂટતુ નથી.

માનતા પૂર્ણ કરવા માટે વર્ષમાં એકવાર ઘરના કે ગામના લોકો ભેગા થઈને પારંપારિક વાદ્ય-સંગીત સાથે દેવીના દર્શન કરવા માટે બળદ ગાડામાં કે પદયાત્રા કરીને સંઘ લઈને આવે છે. નાના-મોટા સૌ લોકો શ્રધ્ધાપૂર્વક માનતા પૂર્ણ કરવા કે દર્શન કરવા આવે છે. જેને હરખી લઇને જઈએ છીએ એમ કહે છે. ચૌધરી લોકો હરખી કહે છે. જ્યારે ગામીત લોકો તેને હબ કહે છે. આદિવાસી લોકો પરંપરાગત વસ્ત્રો પહેરી પોતાની લોકબોલીમાં દેવીને રીઝવવા ગીત ગાય છે. આ સમયે વાતાવરણ દિવ્ય બની જાય તેવી અનુભૂતિ થાય છે. અહીં ચોસઠ જોગણી માતા, નવી કંસરીમાતા, મહાદેવ અને હનુમાનજીના સ્થાનકો પણ આવેલા છે. આદિવાસી લોકોની આસ્થાનું આ સ્થાનક ભાવિક ભક્તો માટે ખૂબ જ આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

(Source : www.gujaratsamachar.com)

# શાણા અને શીલવંતા દીવાનઃ ઝવેરભાઈ અમીન



પૈસાને પરમેશ્વર માનનારા લોકો પૈસા મેળવવા ન્યાય, સંબંધ, નીતિ, જવાબદારી કે પ્રામાણિકતા નેવે મૂકે છે. આઝાદી પછીના ભારતમાં ઝડપથી પૈસાદાર થવાનો રસ્તો રાજકારણ છે એમ માનનાર ઘણા છે ત્યારે યાદ આવે છે ૧૯મી સદીના કેટલાક નીતિમાન રાજકારભારીઓ. વીરસદના ઝવેરભાઈ અમીન આવી વિરલ વ્યક્તિ હતા.

ઝવેરભાઈ અમીન વાંસદાના દીવાન બન્યા. વાંસદા છોડીને લીમડીના દીવાન બન્યા. તેમની કૂનેહ, નીતિ અને ચીવટની ખ્યાતિ દેશી રાજ્યોમાં ફેલાઈ ગઈ હતી. લીમડીના ઠાકોર જશવંતસિંહજીને સારા દીવાનની જરૂર હતી. તેમણે સામે ચાલીને ઝવેરભાઈ અમીનને પત્ર લખીને દીવાન થવા આમંત્રણ મોકલ્યું. તેઓ દીવાન બન્યા અને લીમડી ગયા.

વાંસદાના રાજવીને પણ એમની જરૂર હતી તેથી એમનો સલાહકાર તરીકેનો દરજ્જો વાંસદાના રાજવીએ ચાલુ રાખ્યો. આને કારણે દર મહિને નિયમિત રીતે તેઓ લીમડીમાં ઝવેરભાઈને વેતન તરીકેની રકમ મોકલતા. વાંસદાના રાજા ઝવેરભાઈ અમીનની સલાહ લઈને રાજ્ય ચલાવતા. આ પછી થોડાં વર્ષમાં રાજવી પોતે જ પોતાની સૂઝ પ્રમાણે રાજ ચલાવતા અને જરૂર પડે ત્યારે બીજા સલાહકારોની સલાહ લેતા. આમ છતાં કામ હોય તો જ ઝવેરભાઈને અમીનને પૂછતા. આમ છતાં વાંસદા રાજ્ય નિયમિત પૈસા મોકલતું રહ્યું.

ઝવેરભાઈને થયું, 'હવે વાંસદાનું કામ મારે કરવાનું રહ્યું નથી છતાં પૈસા મોકલે છે. મારાથી અણહક્કનું ના લેવાય...' ઝવેરભાઈ સ્વામિનારાયણ સંપ્રદાયમાં શ્રદ્ધા ધરાવતા હતા. વાંસદાના દીવાન હતા ત્યારે તેમણે ભગતજી મહારાજને ખાસ આમંત્રણ આપીને વાંસદા તેડાવીને રાખ્યા હતા. સ્વામિનારાયણ શિક્ષાપત્રીના સિદ્ધાંતોમાં એમને શ્રદ્ધા હતી. ઝવેરભાઈએ પત્ર લખીને વાંસદાના રાજવીને હવેથી વેતન ન મોકલવા વિનંતી કરી. આવા એ નિર્લોભી અને શીલવાન હતા.

ઝવેરભાઈ પરણ્યા હતા આણંદના દિવાળીબાને. દિવાળીબાનું મોસાળ ડભોઉ ગામમાં હતું. તેમના મોસાળનો પરિવાર સ્વામિનારાયણ સંપ્રદાયમાં શ્રદ્ધા ધરાવતો હતો. આને કારણે દિવાળીબામાં તે શ્રદ્ધા આવી. પ્રસન્ન દામ્પત્યના પરિણામે ઝવેરભાઈ સ્વામિનારાયણ સંપ્રદાયમાં માનતા થયા. વીરસદ ગામમાં પોતાના રહેઠાણની જમીન તેમણે સ્વામિનારાયણ સંપ્રદાયનું મંદિર બનાવવા આપી દીધી.

સ્વામિનારાયણ સંપ્રદાયની અસરથી તે પરોપકારી બન્યા. લીમડીમાં બંધાવેલો 'ઝવેરીયો' કૂવો હજુ ચાલુ છે. ઝવેરભાઈ નમ્ર અને મિલનસાર હતા. લીમડીના રાજ્યની માલિકીની જમીન તેમણે રાજવી જશવંતસિંહજી મારફતે સારંગપુરમાં સ્વામિનારાયણ મંદિર બનાવવા આપી હતી. વીરસદમાં દવાખાનું અને પુસ્તકાલય કરવામાં તે આગેવાન હતા. તેમને સમાજ સુધારામાં રસ હતો. એ દીવાન બન્યા ત્યારથી જ વીરસદ ગામમાં ત્યારના અંગ્રેજી ત્રણ ધોરણની શાળા તે પોતાના ખર્ચે ચલાવતા. ત્રણ ધોરણ એટલે પાંચ, છ અને સાત. આના કારણે વીરસદમાં શિક્ષણ વધ્યું. ૧૯૨૭માં વીરસદ કેળવણી મંડળ સ્થપાયું. તેના પ્રમુખ ઝવેરભાઈ બન્યા.

વીરસદના લોકો ભારતનાં અનેક નગરોમાં અને પરદેશમાં ફેલાયા તેનાં અનેક કારણોમાં એક ઝવેરભાઈએ વીરસદમાં શરૂ કરેલી શિક્ષણની સરવાણી. તેમનાં માતા હરખાબાનું અવસાન થતાં તેમણે વીરસદમાં હરખાબા વ્યાયામશાળા કરી પછીથી તેનું સંચાલન વીરસદ કેળવણી મંડળે કરવા માંડ્યું. તે જમાનામાં બારમા-તેરમાના રિવાજો હતા. ગરીબ માણસો, ઘર, જમીન કે ઢોર વેચીને ય કરતા. હરખાબાના મરણ વખતે પોતે આર્થિક રીતે સમૃદ્ધ હોવા છતાં સમાજ સુધારાના ભાગરૂપે બારમું ન કર્યું.

ઝવેરભાઈ ૧૮૯૮માં લીમડીના દીવાન બન્યા. ૧૯૨૮ સુધી દીવાન રહ્યા. બરાબર ૩૦ વર્ષ દીવાન તરીકે નિષ્ઠાપૂર્વક રાજ્યની સેવા કરી. તેઓ નોકરીમાંથી ૭૯ વર્ષની વયે નિવૃત્ત થતાં તેમને પેન્શન મળતું હતું. તેમની નિવૃત્તિ પછી રાજ્યની નીતિરીતિ બદલાઈ. ઝવેરભાઈને ન ગમે તે રીતે રાજ્યનો વહીવટ ચાલવા લાગ્યો. આના વિરોધમાં તેમણે એવા રાજ્યના પૈસા લેવાનું સામે ચાલીને બંધ કર્યું. ત્યારે કંઈ દેશી રાજ્યોમાં લોકશાહી ન હતી. રાજા અને દીવાન મળીને પોતાને ગમતી રીતે વહીવટ કરે, એમાં નિવૃત્ત દીવાનને માથું મારવાનું ના જ હોય. દીવાન નિવૃત્ત હોય પછી રાજાએ તેમને પૂછવાનું પણ ના જ હોય. છતાં ઝવેરભાઈની નીતિમત્તાનાં ધોરણ ઊંચા હતાં. એ પૈસાના પૂજારી ન હતા. ન ગમતા વહીવટવાળા રાજ્યના પૈસા લેવાનું એમને ના ગમ્યું અને સ્વેચ્છાએ પેન્શન છોડ્યું.

ઝવેરભાઈ ૧૮૪૯માં જન્મ્યા. વીરસદ ત્યારે ગાયકવાડી ગામ. ત્યારે સમગ્ર ચરોતરમાં એકલા નડિયાદમાં જ હાઈસ્કૂલ હોવાથી ત્યાં ભણીને મેટ્રિક થયા. તે જમાનામાં ભણતર ઓછું હોવાથી ભણેલાને તરત નોકરી મળતી હોવાથી મહેસૂલ ખાતામાં નોકરી મળી. કૂનેહ અને નિષ્ઠાથી બઢતી મળતાં મામલતદાર થયા અને પછી ખેડાના ડેપ્યુટી કલેક્ટર થયા. ૪૮ વર્ષે પેન્શન સહિત નોકરીમાંથી છૂટા થયા. તેમની કૂનેહ અને પ્રામાણિકતા વખણાતી. છોટાઉદેપુરના રાજાએ તેમને દીવાન બનાવ્યા. થોડા સમયમાં રાજાનું અવસાન થતાં, વારસદાર સગીર હોવાથી તેમને વહીવટદાર બનાવ્યા. આ પછી વાંસદાના દીવાન થયા. ત્યાંથી લીમડીના દીવાન બન્યા.

લીમડીના ઠાકોર જશવંતસિંહનું અવસાન થતાં વારસદારોનો રાફડો ફાટ્યો. તેથી વારસદાર નક્કી ના થાય ત્યાં સુધી સરકારે ઝવેરભાઈ દીવાનને વહીવટદાર નીમ્યા. ઝવેરભાઈનાં પુત્રી ભક્તિબા અને તેમના પતિ દરબાર ગોપાળદાસે આઝાદીની લડાઈમાં ભાગ લીધેલો, જેલમાં પણ ગયેલાં. ઝવેરભાઈના પુત્ર હરિભાઈએ સત્યાગ્રહની લડતોમાં ભાગ ભજવેલો અને આર્થિક રીતે મદદ કરી હતી.

નીતિમત્તાનાં ઊંચા ધોરણોવાળા નિર્લોભી, સમાજસુધારક, ધર્મનિષ્ઠ તથા પરોપકારી એવા ઝવેરભાઈ અમીન મહાત્મા ગાંધી કરતાંય ૨૦ વર્ષ મોટા હતા. તેમના પોતાના જમાના વિચારો કરતાં તે ઘણા આગળ પડતા અને દેશી રાજ્યોના દીવાનોમાં નોખી ભાત પાડતા હતા.

(Source : www.gujarat-samachar.com)